# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાજ્યમાં આગામી 21 એપ્રિલથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે.**
2. **તેરા તુજકો અર્પણ કાર્યક્રમ દરમિયાન 55 કરોડ રૂપિયાથી વધુનો નાગરિકોનો ગુમ થયેલો સર સામાન ગુજરાત પોલીસ દ્વારા પરત કરાયો.**
3. **હિટવેવની સ્થિતિને કારણે અમદાવાદની શાળાઓમાં બપોરના બાર વાગ્યા સુધી જ શૈક્ષણિક કાર્ય કરવા આદેશ.**
4. **તમામ સમિતીઓમાં મહિલાઓ અધ્યક્ષ તરીકે નિયુક્ત થતાં બોટાદ નગરપાલિકામાં મહિલાઓનું શાસન.**
5. **વારસાની જાળવણીના સંકલ્પ સાથે આજે વિશ્વ વારસા દિનની ઉજવણી.**
6. **માફી માંગવાના દિવસ એવા ગુડ ફ્રાઇડેના દિન નિમિત્તે ખ્રિસ્તીઓ દ્વારા ચર્ચમાં વિશેષ પ્રાર્થના.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SUPPORT PRICE

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે , રાજ્યમાં આગામી 21 એપ્રિલથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. તેમણે કહ્યું કે , એક હજાર 903 કરોડ રૂપિયાના કુલ 3 લાખ 36 હજાર મેટ્રિક ટન ચણાના જથ્થાની અને 767 કરોડ રૂપિયાના એક લાખ 29 હજાર મેટ્રિક ટન રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે.

શ્રી પટેલે જણાવ્યું કે , કેન્દ્ર સરકારે વર્ષ 2024-25ની રવિ મોસમ દરમિયાન ચણા માટે 5 હજાર 650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ તથા રાયડા પાક માટે 5 હજાર 950 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના 3 લાખ 36 હજારથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે એક લાખ 18 હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. ચણા માટે નક્કી કરાયેલા 179 ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલા 87 ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરાશે.

---

# TERA TUJKO ARPAND

રાજ્યના નાગરિકોની સલામતી અને તેમની સુવિધાને કેન્દ્રમાં રાખીને ગુજરાત પોલીસે શરૂ કરેલી 'તેરા તુજકો અર્પણ' પહેલ રાજ્યભરમાં સારા પરિણામો આપી રહી છે. 'તેરા તુજકો અર્પણ ' અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં માત્ર ત્રણ મહિનામાં બે હજાર 108 કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે 55 કરોડ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો છે.

તેરા તુજકો અર્પણ અંતર્ગત વર્ષ 2025ના ગુજરાત પોલીસે રાજ્યભરમાં જાન્યુઆરી મહિનામાં 686 કાર્યક્રમો યોજીને 20.18 કરોડ રૂપિયાથી વધુ, ફેબ્રુઆરી

મહિનામાં 612 કાર્યક્રમો યોજીને 13.84 કરોડ રૂપિયાથી વધુ, અને માર્ચ મહિનામાં 810 કાર્યક્રમો યોજીને 21.04 કરોડ રૂપિયાથી વધુ રકમનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો છે.

પોલીસ સ્ટેશનમાં ચોરી , લુંટ સહિતના વિવિધ ગુનાઓમાં રિકવર કે કબજે કરવામાં આવેલા મુદ્દામાલને કોર્ટના માર્ગદર્શન હેઠળ ઝડપથી મુળ માલિકોને પરત કરવો તથા આ માટે ફરીયાદી અને અરજદારોને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર ન પડે અને નાગરિકોનો સમય અને શક્તિનો વ્યય ન થાય એ 'તેરા તુજકો અર્પણ'નો મુખ્ય ઉદ્દેશ છે. આ કાર્યક્રમ અંતર્ગત લોકો માટે જાહેર કાર્યક્રમ-લોક દરબાર યોજીને મૂળ માલિકોને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવી રહ્યો છે.

---

# NARMADA PASSPORT

નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે 5 વર્ષથી શરૂ થયેલી પાસપોર્ટ ઓફિસમાં અત્યાર સુધીમાં 40 હજાર પાસપોર્ટ કાઢવામાં આવ્યાં છે. પાંચ વર્ષ અગાઉ પાસપોર્ટ ઓફીસનું લોકાર્પણ વિદેશમંત્રી ડૉ.એસ. જયશંકરના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગત 15 એપ્રિલના રોજ ડૉ. એસ જયશંકરે રાજપીપલા સ્થિત પાસપોર્ટ ઓફીસની મુલાકાત કરી અને 5 ઓફિસની કામગીરી નિહાળી હતી. તેમજ પાસપોર્ટ ઓફિસર પાસેથી માહિતી મેળવી હોવાનું પાસપોર્ટ ઓફિસના અધિકારી પ્રકુલ વસાવાએ જણાવ્યું હતું.

## બાઈટ - પ્રકુલ વસાવા (પાસપોર્ટ ઓફીસ અધિકારી)

---

# AHMEDABAD SCHOOL

ગરમીને કારણે હવે અમદાવાદની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બપોરના બાર વાગ્યા સુધી કરવા શિક્ષણાધિકારીએ શાળાઓને સૂચના આપી છે.

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા માહિતી આપવામાં આવતાં હિટવેવની અસર બાળકોને ન થાય તે માટે આજથી હવે બાળમંદિરથી લઇને ધોરણ આઠ સુધીનું શૈક્ષણિક કાર્ય બાર વાગ્યા સુધી કરવા આદેશ અપાયો છે..

આ આદેશનુ ચુસ્ત પણે પાલન કરવા પણ જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાઓને સૂચના આપી છે. વાર્ષિક પરીક્ષાઓ સુધી બાર વાગ્યા સુધી આ સૂચનાનું પાલન કરવાનું શાળાઓને જણાવાયું છે.

---

# WEATHER

રાજ્યના હવામાનમાં આગામી દિવસોમાં વધઘટ જોવા મળશે, તેમ હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે. હવામાન વિભાગના વડા એ.કે.દાસે જણાવ્યું કે, દરિયાઇ કિનારા ઉપર 40 કિલોમિટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઇ શકે છે , જેની ગતિ વધશે.

## બાઇટ- એ.કે દાસ, હવામાન વિભાગ

---

# BOTAD MAHILA SHASAN

બોટાદ નગરપાલિકાની ગઇકાલે જનરલ બેઠક યોજાઇ હતી. જેમાં વિવિધ સમિતિના ચેરમેન તેમજ સભ્યની રચના કરવામાં આવી હતી. આ બેઠકમાં વિવિધ સમિતિના ચેરમેન તરીકે મહિલા ઓની પસંદગી કરવામાં આવી હતી.

આ ઉપરાંત નગર પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ પણ મહિલા બન્યાં હતાં. ત્યારે સમગ્ર ગુજરાતમાં એકમાત્ર બોટાદ નગરપાલિકા મહિલા સંચાલિત થતા નગરપાલિકાના મહિલા પ્રમુખ ધર્મિષ્ઠા જોટાણિયાએ ખુશી વ્યક્ત કરી હતી.

**બાઈટ - ધર્મિષ્ઠાબેન જોટાણીયા પ્રમુખ બોટાદ નગરપાલિકા**

---

# GUJARAT HERITAGE SITES VOICE CAST

યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ ‘વિશ્વ વારસા દિવસ’ ઉજવવામાં આવે છે. દેશનાં 43 વિશ્વ વારસા સ્થળોમાં સમાવેશ પામેલા ગુજરાતનાં ચાર વારસા સ્થળોની મુલાકાત લેનાર પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ગયા વર્ષે 12 લાખ 88 હજારથી વધુ લોકોએ આ ચાર વારસા સ્થળોની મુલાકાત લીધી હતી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – અનિલ પટેલ)

*(યુનેસ્કો દ્વારા સ્થાપત્ય , ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કળા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને ગુજરાતના ચાંપાનેર , રાણીની વાવ , અમદાવાદ શહેરઅને ધોળાવીરા એમ ચાર સ્થળોને વિશ્વ વારસા સ્થળનો દરજ્જો આપવામાં આવ્યો છે. સૌથી વધુ 7 લાખ 15 હજારથી વધુ લોકોએ હેરિટેજ સિટી અમદાવાદ જ્યારે ત્રણ લાખ 64*

*હજારથી વધુ પ્રવાસીઓએ  રાણી ની વાવ-પાટણ , એક લાખ 60 હજારથી   વધુ પ્રવાસીઓએ ધોળાવીરા તેમજ ૪૭ હજારથી વધુ  પ્રવાસીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી હતી.  રાજ્યમાં આ ચાર સહિતનાં  કુલ ૧૮ વારસા સ્થળોની ગત વર્ષે કુલ 36 લાખ 95 હજારથી  પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.)*

**અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

---

# DANGS GOOD FRYDAY

આજે ખ્રિસ્તીઓનો તહેવાર ગુડ ફ્રાઇડે છે. સમગ્ર રાજ્યમાં ખ્રિસ્તી સમાજ દ્વારા આ દિવસ મનાવાઇ રહ્યો છે. ભૂલની માફી માંગવાના દિવસ તરીકે મનાવવામાં આવતા આ દિવસે અમદાવાદ સહિતના સ્થળો પર તેને મનાવાઇ રહ્યો છે. આ દિવસ નિમિત્તે ચર્ચોમાં વિશેષ પ્રાર્થના યોજાઇ રહી છે.   આ પ્રસંગની  પૂર્વ સંધ્યા નિમિત્તે આહવા ચર્ચ ઓફ બ્રધરન મંડળી અને ચર્ચ ઓફ સી.એન.આઇ  મંડળી દ્વારા  જુદા જુદા સ્થળે  પ્રાર્થના સભા યોજાઈ હતી.

બાઇબલના વિશેષ અધ્યાયનું પઠન, ઈસુ ભગવાનના ભજનો, તેમજ પ્રાર્થના કરવામાં આવી હતી. આ દિવસે ખ્રિસ્તી ભાઈ-બહેનો એકબીજાના પગ ધોઈ જીવનમાં કરેલી કોઈપણ ભૂલને એક-બીજા પાસેથી માફી માંગી હતી.

---